Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# "ઈતિહાસની આરસીમાં અમીરગઢ"

ડૉ. કે.જી.પટેલ, ઈતિહાસ વિભાગ

એમ.એન.કોલેજ,વિસનગર &

પ્રો.આર.જે.પટેલ, ઈતિહાસ વિભાગ

એમ.એન.કોલેજ,વિસનગર

**પ્રસ્તાવના :-**

રાજસ્થાન રાજ્યની સરહદે આવેલો ડુંગરાળ પણ રાજકીય વ્યુહાત્મક દ્રષ્ટિએ મહત્વનો પ્રદેશ એટલે અમીરગઢ ભૌગોલિક રીતે ગુજરાતમાં પણ સાંસ્કૃતિક દ્રષ્ટિએ રાજસ્થાની પ્રદેશનો આભાસ કરાવે છે.

બ્રિટિશ શાસનમાં અહીંના દીવાન શ્રી તાલે મહંમદખાનજીના અંગ્રેજો સાથે સારા સબંધો હતા તો સાથે ગાંધીજીના કાર્યક્રમો અને વિચારોમાં શ્રધ્ધાને કારણે આ વિસ્તારમાં ગાંધીજીની રચનાત્મક પ્રવૃતિઓને વેગ મળ્યો હતો ૧૯૨૪ માં પાલનપુરમાં ખાદી ભંડારની સ્થાપના થઈ હતી આ સમય દરમિયાનમાં ઈ.સ ૧૯૩૦ માં 'રોહો' ગામનું નવું નામ તેમની માતા અમીરબાઈ સાહેબના નામ ઉપરથી 'અમીરગઢ' રાખવામાં આવ્યું.[૧]

**અમીરગઢ નો પુરાતાત્વિક ઈતિહાસ :-**

પુરાત્વિય રીતે આ ઇતિહાસ ઘણો પ્રાચીન છે અને પ્રાગૈતિહાસિક કાળથી

ઐતિહાસિક કાળ સુધીના ઘણાં અવશેષો મળી આવે છે. કેન્દ્રીય ભૂસ્તર વિભાગ દિલ્હીના સ્થળ તપાસ દ્વારા ઇડર, દાતા, પાલનપુરમાંથી માંસાહારી પ્રાણીઓના જીવાશ્મી મળ્યા છે. પાષણયુગના અવશેષો ડાભેલા પાસે અમીરગઢ થી ફલેક, બ્લેડસ, સ્ક્રેપર વગેરે જેવા લઘુપાષાણકાલીન પથ્થરના ઓજારો મળી આવે છે.

પાલનપુર રાજ્યમાં ઈ.સ.૧૯૫૫ માં એમ.એસ. યુનિવર્સિટી બરોડાના પુરતત્વે વિભાગે ડો.એસ.એન. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પુરાતત્વિય ઉત્ખનન કરતાં નવ પાષાણયુગી અને લઘુ પાષાણયુગી અવશેષો જેવા કે હાથકુહાડી, છોલવિયા, પતરીઓ,રંધા, રોકશેલ્ટર વગેરે અમીરગઢ, બાલુન્દ્રા, રામપુરા (કરઝા) અને સરોત્રા જેવા સ્થળે મળી આવ્યા છે. આમ જોઈએ તો બનાસકાંઠા અને તેમા અમીરગઢ તાલુકાનો ઇતિહાસ છેક નવપાષાણ અને લઘુપાષાણયુગ સુધી લંબાય છે.[૨]

પુરાતત્વિય રીતે બનાસકાંઠા જિલ્લાને જોતા ખ્યાલ આવે છે કે, આ પ્રદેશોનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. અને પ્રાગૈતિહાસિક કાળથી ઐતિહાસિક યુગના અવશેષો મળી આવ્યા છે. પાષાણ યુગના અવશેષો ડાભેલા પાસે બનાસ નદીના કાંઠા કિનારા થી, જુનાડીસા, વડાવળ, જેવા સ્થળોથી લઘુ પષાણ યુગનાં અવશેષો મળ્યા છે. આ ઉપરાંત બનાસ નદીના કિનારાથી લઘુપાષાણ કાલીન પથ્થરનાં ઓજારો, ફલેક, બ્લેડસ, સ્ક્રેપર, વગેરે મળી આવ્યા છે. મધ્યયુગનાં પુરા સ્થળોમાં કોટેશ્વરનું મંદિર મૈત્રકલીન વડાવળ (૭ મી સદી),કપિલે મહાદેવનું મંદિર અને પાટણનું મૂળેશ્વર મહાદેવનું મંદિર મૂળરાજ પહેલાનાં સમયમ ૧૦ મી સદીનું છે.[3]

**અમીરગઢ ની ઐતિહાસિકતા** :-

મૌર્યકાળ (ઈ.સ. પૂર્વે ૩૨૨ થી ઈ.સ. પૂર્વે ૧૮૫) મૌર્યકાલીન અભિલેખિત સાધનો ગુજરાત માંથી પ્રાપ્ત થાય છે. અશોકના ગિરનાર શિલાલેખમાંથી માહિતી મળે છે. મૌર્ય સમ્રાટ અશોક , મહાક્ષત્રપ રૂત્રાદામા, સ્કંદગુપ્ત વગેરે એ ગુજરાત પર વર્ચસ્વ જમાવ્યું હતું સંભવ છે કે આ વિસ્તાર પળ તેમના સામ્રાજયનો ભાગ હતો ત્યાર બાદ ઈન્ડોગ્રીક રાજઓના શાસન નીચે આવ્યું હશે. મિનેન્ડર અને એપોલોડોટસ રાજાઓના

સમયના સિક્કાઓનું ગુજરાતમાંથી લાબાં સમય સુધી જોવા મળતું વ્યાપક ચલણ આ બાબતે અનુમોદન આપે છે.[૪]

**ક્ષત્રપકાળ (ઈ.સ. ૨૩ થી ઈ.સ. ૪૦૦):-**

પશ્ચિમ ક્ષત્રપોએ ગુજરાત પર ઈ.સ. ૨૩ થી ૪૦૦ સુધી ત્રણસો વર્ષ કરતા પણ વધારે સમય શાસન કર્યું હતુ.ક્ષત્રય વંશનો પહેલો રાજા ભૂમક હતો. તેણે ગુજરાત પર ઈ.સ. ૨૩ થી ૩૨ વર્ષ સુધી રાજય કર્યુ તેવું તેના અભિલેખો પરથી જાણી શકાય છે. નાહપાન રાજા ક્ષત્રપય વંશનો હતો. તેણે કર્ંહમવંશની સ્થાપના પહેલા અથવા શકસંવત-૧૧ (ઈ.સ. પૂર્વે ૯૦-૮૯) પહેલા શાસન કર્યુ હતું. તેના સમયના અભિલેખોમાં નિર્દેશીત ઈ.સ. પૂર્વે ૪૬ થી ૪૧ નું વર્ષ તેના શાસન વર્ષ તરીકે ઓળખાય છે. તેના જમાઈ ઋષભત્તે બનાસ નદી કાંઠે ઘાટ બંધાવીને સુર્વણદાન કર્યુ હતું. નાહપાનનું રાજય ઉત્તરમાં રાજસ્થાનના અજમેર નજીક આવેલા પુષ્કરથી દક્ષિણમાં નાસિક સુધી વિસ્તરેલુ હતુ. તેના આધારે જાણી શકાય છે. કે ચંબલની બનાસના નામે ઓળખાતી ઉપનદી અથવા તો આ રાજયમાં વહેતી બનાસ નામધારી મૂળ નદીના આધારે (આ રાજય પાછળથી જિલ્લાનું નામ બનાસકાંઠા પડયું) પુરાણોમાં આ નદીનો વર્ણશા કે પર્ણાશા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૫]

**ગુપ્તકાળ (ઈ.સ.૨૪૦ થી ઈ.સ. ૪૬૭) :-**

ઈ.સ ની ૫ સદીમાં ગુજરાત ગુપ્ત રાજવીઓના અધિકાર નીચે હતું. ગુપ્તકાળમાં ઉત્તર ગુજરાત પર ગુપ્તોનું શાસન હતું. અશોકના ગિરનાર શિલાલેખ પર છેલ્લા ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તનો લેખ છે. ઈ.સ. ૪૫૫-૪૬૭ લેખમાં જણાવ્યા અનુસાર તેનું શાસન ઉત્તર-ગુજરાત અને માળવા સુધી હતું એટલે આ વિસ્તાર અમીરગઢ સામ્રાજયનો ભાગ હોવો જોઈએ સ્કંદગુપ્તના અવસાન બાદ (ઈ.સ. ૪૬૭) ગુપ્ત સામ્રાજયની પડતી થઈ દૂરના કેટલાક પ્રદેશો સ્વતંત્ર થયા.

**મૈત્રકકાળ (ઈ.સ.૪૭૦ થી ૭૮૮) :-**

ગુપ્ત સામ્રાજયનાઅંત સમયે સર્જાયેલી પરિસ્થિતિનો લાભ ઈ.સ ૪૭૦ માં મૈત્રકવંશના સેનાપતિ ભટાર્કે વલ્લભીમાં પોતાની સત્તા સ્થાપી સમ્રગ ગુજરાતના પ્રદેશો અને માળવા સુધી મૈત્રક શાસકોએ લગભગ ૩૦૦ વર્ષ સુધી શાસન કર્યું. આ રાજાઓના પ્રાપ્ત થયેલા તામ્રપત્રોમાંથી આ પ્રદેશોના કોઈ પણ સ્થળનો ઉલ્લેખ નથી તેમ છતાં પાલનપુરના બાજુ અમીરગઢ સુધી મૈત્રક શાસકોની સત્તા નીચે હશે કેમ કે મૈત્રક વંશની સત્તા ગુજરાત અને પશ્ચિમ માળવા સુધી ફેલાઈ હતી.

**ચાવડા કાળ (ઈ.સ. ૭૪૫ થી ઈ.સ. ૯૪૨) :-**

વલ્લભીના પતન બાદ પંચાસરના ચાંપોત્કા (ચાવડ) રાજા જયશિખરના પુત્ર વનરાજ અણહિલવાડ પાટણમાં નવું રાજય સ્થાપ્યું આ રાજયનો ભાગ ચાવડાઓના આધિપત્ય નીચે રહ્યો હશે. પાલનપુર એ ઘણી જુની વસાહત છે. ૮ મી સદી દરમિયાન અણહિલવાડ પાટણના ચાવડા સામ્રાજયનો ભાગ હતો.[૬]

ડીસા તાલુકાના વડાવલ પાસેના એક ભગ્ન મંદિરમાંથી સપ્ત માતૃકાઓના પટ મળી આવ્યા છે. જે ૯ મી સદીના પ્રારંભના મનાય છે. આ મંદિર માંથી કેટલીક પુરાણિક શિવ પ્રતિમાઓ મળી છે. જે ઈ.સ. ૮૦૦ ની આસપાસની મનાય છે. ચાવડા શાસકોએ ઈ.સ. ૯૪૨ સુધી રાજય કર્યુ હતું.

સોલંકીકાળ (ઈ.સ. ૯૫૨ થી ઈ.સ. ૧૩૦૪)

સોલંકીકાળમાં સારસ્વત નો મંડલ તરીકે ઉલ્લેખ મૂળરાજના ઈ.સ. ૯૮૭ ના દાન શાસનમાં થયો છે. મૂળરાજના સમય હજી ઉત્તર ગુજરાતના આ ભાગને **गुज्रात** કે **गुर्जरदेश** કે **गुर्जरत्रा** સંજ્ઞા મળી નહોતી. એક સમયે આ ભાગ આનર્ત નો હતો એ પણ એટલું જ સ્પષ્ટ છે.

સારસ્વત પ્રદેશનો ઉલ્લેખ મહાભારતમાં નથી.પરંતુ મત્સ્ય, બ્રહ્માંડ, વામન, માંકડેય અને વાયુ પુરાણોમાં મળે છે. કીકત મત્સ્ય પુરાણના જ શ્લોક પછીના પુરાણોમાં ઉતારાયા છે. જયાં વામન પુરાણમાં **सर सारस्वते : ना सहसा शा श्वत :** એવો અપભ્રંશ

પાઠ મળે છે. એટલું જ ત્યાં અંનર્તર્મદ, ભૃકચ્છ, માદેય, સારસ્વત, કચ્છ, સુરાષ્ટ્ર, આનર્ત, અર્બુદ, એવા ક્રમે પ્રાંતના આ બાજુના (આજના ગુજરાતના) પ્રદેશ બતાવવામાં આવ્યા છે. આ પ્રદેશ આજના ઉત્તર ગુજરાતનો અરવલ્લીની પૂર્વ –દક્ષિણ પ્રારંભકાળમાંથી કોટેશ્વર પાસે સરસ્વતી નદી નીકળે છે ત્યાથી લઈ સરસ્વતીના બે કાંઠાઓને આવરી લેતો કચ્છના રણ સુધીનો ભાગ કહી શકાય એમાં હાલના બનાસકાંઠા જિલ્લાનાં પૂર્વ ભાગનો અને મહેસાણા જિલ્લાનાં ઉત્તર ભાગનો સમાવેશ થાય છે. અર્બુદ અને આબુ પહાડને ફરતી પ્રારંભનો પહાડી સહિતનો પ્રદેશ, બનાસકાંઠા અને સારસ્વતની ઉત્તરનો પ્રદેશ.[૭]

**સોલંકીઓની રાજકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર- ચંદ્રાવતી :-**

ચંદ્રાવતી કોણે વસાવી તે વિષે અનેક જુદા-જુદા મતો પ્રવર્તે છે. ચંદ્રાવતી નગરની વચ્ચે થઈને ચંદ્રભાગા નદી વહેતી હતી. રાજા હૂને આ ચંદ્રભાગા નદીના ઉપરથી ચંદ્રાવતી નામ રાખીને આ નગરીની સ્થાપના કરી હતી. તેવી એક માન્યતા છે.

બીજા એક મત પ્રમાણે માળવાના મત પ્રમાણે  માળવાના પરમાર વંશી ચંદ્રાસેનની કન્યા જેનું નામ ચંદ્રાવતીની કન્યા જેનું ચંદ્રાવતી હતું, તે યાત્રાએ ગઈ હતી. ત્યારે રસ્તામાં આ સ્થાન ઉપર તેને પુત્ર જનમ્યો હતો. તેણે આ નગરની પ્રતિષ્ઠા  કરી હતી અને પોતાના નામ ઉપરથી આ નગરીને ચંદ્રાવતી નામ આપ્યું હતું. ત્રીજી એક માન્યતા એવી છે કે એક હલકી જાતિનો જસુ નામનો કઠીયારો હતો તે જંગલમાંથી લાકડા કાપીને લઈ આવતો હતો. એક વખત તેની કુહાડી પારસ પથ્થર ઉપર પડી ગઈ, કુહાડી ઉઠાવીને જોતાં જ તે સુવર્ણની બની. તેણે એ સુવર્ણની સહાયથી તે નગરની સ્થાપના કરી.[૮]

ચંદ્રાવતીના સ્થાપના માટે મતભેદ હોઈ શકે, પરંતુ એક કાળે તો પરમાર વંશના રાજાઓ રાજય કરતા હતા.  તે વૈભવી અને સમૃદ્ધ નગરી હતી. તેમાં કોઈ મતભેદ નથી. આબુમાં ઉત્પન્ન થયેલ પરમાર વંશના રાજાઓ અહી રાજય કરતા હતા. આબુ પર્વત ઉપર દેલવાડામાં શ્રી આદિનાથના દેરાસરની જમણી બાજુ એક ધર્મશાળા આવે છે. તેમાં રાજા વીરધવલના સમયનો એક લેખ કોતરેલો છે. તે લેખ સંવત ૧૨૯૭

ફાગણ વદ ૧૦ ને સોમવારેનો છે. તેના રચયિતા શ્રી સોમેશ્વર કવિ છે તે લેખ પ્રમાણે ચંદ્રાવતીના રાજાની વંશાવલી નીચે પ્રમાણે છે.

શ્રી ધૃમરાજ : પ્રથમ બભૂવ: ભૂવાસવ સ્તત્ર નરેન્દ્રવંશ ભૂમિભ્રતો ય: કૃવાન ભિન્ના પક્ષગ્રયાચ્છેદન વેદનાસુ ધન્ધુક ધ્રુવ ભટાદય સ્તતસ્તૈ રદ્દ્રય ઘટાજિતો ભવન યત્કુલે જનિ પૃમાન્વમોહમો રામદેવ ઈતિ કામદેવ જિતુ ભગવાન પરશુરામે પૃથ્વીને એકવીસવાર નક્ષત્રિય કરી નાખ્યા પછી દેશની રક્ષા માટે આબુ પર્વત ઉપર યજ્ઞ કરવામાં આવ્યો અને વસિષ્ઠ મુનિએ કરેલા એ યજ્ઞકુંડમાંથી અનેક ક્ષત્રિયો વંશો ઉત્પન્ન થયા તેમાં પરમાર નામનો એક પુરુષ ઉત્પન્ન થયો. તેના વંશમાં કાળક્રમે ધૂમરાજ , ધંધૂક, ધ્રૂવભટ, રામદેવ યશોધવલ વગેરે મહાપુરુષો થયા, યશોધવલના બે પુત્રો એક ધારાવર્ષ અને બીજો પુત્ર રણધીર પ્રહલાદનદવે અણહિલવાડ પાટણમાં જયારે કુમારપાળ સત્તા ચલાવતો હતો ત્યારે ચંદ્રાવતી ઉપર રામદેવનું રાજય હતું. આ રામદેવનો પુત્ર યશોધવલ આબુ ઉપર રાજય કરતો હતો. ધારા વર્ષના રાવ લુંભાએ આબુ અને ચંદ્રાવતી નગરી જીતી લીધી અને ઈ.સ.૧૩૦૩ માં ચંદ્રાવતી ચૌહાણોને તાલે થઈ.[૯]

ચદ્રાવતીના પરમાર રાજા ધંધુકે ભીમદેવ-૧ નું આદિપત્ય સ્વીકારતાં ચૌલકય રાજાએ પોતાના તાબામાં તે પ્રદેશમાં મંત્રી વિમલને દંડનાયક નીમ્યો હતો. તેને આબુ પર દેલવાડા ગામમાં (ઈ.સ. ૧૦૩૧-૩૨) કરોડો રૂપિયા ખર્ચીને વિમલસહી નામે આદિનાથનું મંદિર બંધાવ્યું.[૧૦]

ચંદ્રાવતીના રાજા ધારાવર્ષનો નાનો ભાઈ પ્રહલાદ બહાદુર હતો. તેની વિદ્વતાની પ્રશંસા કવિ સોમેશ્વરે પોતાના “કિર્તીકૌમુદી” નામના પુસ્તકમાં તથા વસ્તુપાલે આબુ પર ઈ.સ.૧૨૩૦ માં બનાવડાવેલા લૂણવસહી (નેમિનાથ) ના મંદિરની પ્રશસ્તિમાં કરી છે. આ પ્રશસ્તિમાં સોમેશ્વર લખે છે કે પ્રહલાદનદેવ સાંમતસિંહ સાથેની લડાઈમાં વિરતા બતાવી હતી. પ્રહલાદદેવ રચિત “પાર્થપરાક્રમ” વ્યાયાંગ નામનું પુસ્તક મળે છે. જે તેની લેખન શૈલીનું ઉજ્જવળ રત્ન છે. તેણે તેના નામ ઉપરથી “પ્રહલાદનપુર” નામનું નગર વસાવ્યું હતું. જે અત્યારે “પાલણપુર” ના નામથી જાણીતું છે.[૧૧]

સમકાલીન સાહિત્યિક સાધનોને આધારે એટલું તો નિશ્ચિત પણે કહી શકાય કે ચંદ્રાવતી નગરીના પરમાર રાજા ધારાવર્ષના નાનાભાઈ પ્રહલાદને પાલણપુર વસાવ્યું અને તેના નામ પરથી પ્રહલાદેવપુર નામ પડેલું હશે.[૧૨]

એક અનુશ્રૂતિ એવી છે કે ચંદ્રાવતી પરમાર પ્રહલાદને પાલણપુર વસાવ્યા પછી પાલણસી ચૌહાણે ફરી વસાવ્યું હતું.[૧૩]

ભીમદેવ-૨ (ઈ.સ. ૧૧૯૮ થી ઈ.સ. ૧૨૪૨) ના સમય દરમિયાન ચૌલુકય સત્તા નબળી પડવા છતાં તેમણે ચંદ્રાવતીના પરમાર રજવી સોમસિંહ પર પોતાનું આધિપત્ય જાળવી રાખ્યું હતું. અણહિલવાડના ચૌલુકય રાજવીઓની સત્તા નીચે આ પ્રદેશ રહેલો, બનાસ નદીની આજુબાજુનો પાલણપુર રાજયનો આવિસ્તાર સોલંકી વંશના પતન બાદ ઈ.સ. ૧૨૪૪ થી ઈ.સ. ૧૩૦૪ સુધી વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવ (કરણ વાઘેલા) ના શાસન દરમિયાન દિલ્હીના સુલતાન અલાઉદીન ખિલજીના નાના ભાઈ ઉલુગખા તથા નસરતખાને અણહિલવાડ પાટણ પર આક્રમણ કરી ગુજરાતમાંથી સોલંકી વાઘેલા શાસનનો ઈ.સ. ૧૩૦૪ અંત આણ્યો.[૧૪]

ગુજરાત દિલ્હીની ખીલજી સલ્તનતના આધિપત્ય નીચે આવી ગયું.

ચંદ્રાવતી એક સમયે મહાન નગરી હતી, તેવુ નદીના ઉભય તટ પર ઉભેલા જીર્ણ મંદિરો પરથી લાગે છે. અત્યારે એ મંદિરો છિન્ન-ભિન્ન અવસ્થામાં પડેલા છે. નદીના કિનારા પર ઘાટ અને ઓવારા બંધાયેલા છે. અહીયા દેવ-દેવીઓ અને દૈત્ય દાનવોની પુષ્કળ મૂર્તિઓ પ્રાપ્ત થાય છે. ચંદ્રાવતીમાં એકસો આઠ મંદીરો હતા. પણ તમામ નાશ પામ્યા. કેવળ બે-ત્રણ મંદિરો જ આજે સારી સ્થિતિમાં જોવા મળે છે. આ મંદિરો ભગ્નાવશેષો મધ્યકાલીન સ્થાપત્ય વારસાની યાદ અપાવે છે.

કર્નલ ટોડ પોતાની પશ્ચિમ હિન્દુસ્તાનની મુસાફરી વિષેનું વર્ણન કરતા આ સ્થળ વિષે એમ લખે છે કે “આરસપહાણના તથા પથ્થરના જે અવશેષો મેદાનમાં છૂટાછૂટા

પડેલા છે. તે ઉપરથી વિચાર કરતા આ શહેર ઘણા બહોળા વિસ્તારનું હોવું જોઈએ. તેના ખૂબ સુરત નમૂના જેમાંથી જુદા જુદા કદની વીસ ઈમારતો સને ૧૮૨૪ ના જાન્યુઆરી માસમાં જયારે નામદાર સર ચાર્લ્સ કોલવીસ અને તેમની સાથેના રસાલાએ આ જગ્યાની પ્રથમ મુલાકાત લેતી વખતે નજરે જોઈ હતી.”

એક મંદિરના ભોયતળિયાના અમુક ખંડો તથા બીજાની પાછલી ભીંતની શિલા સિવાય આ રળિયામણા મંદિરોમાંથી કાંઈ પણ હવે બાકી રહ્યુ નથી. તેમાંનો એક ગોળ સ્તંભ માત્ર ઉભો છે. રેલ્વેના પુલ નીચે તેની કમાનોને ટેકો આપવા સારુ પથ્થરના જે થાંભલા ઉભા કરવામાં આવે છે. તેની બન્ને બાજુએ નદીના તળીયામાં અવશેષો તથા મૂર્તિઓ તેમજ નહિ વપરાયેલા આરસપહાણનો ગંજાવર જથ્થો જે આ મંદિરોમાંથી આ ઠેકાણે લાવવામાં આવેલો તે ઢગલા બંધ પડેલો છે. જૂના ઇંટ કામની ટેકરીઓ જેનાથી આ પ્રાચીન મંદિરોના પાયા પૂરવામાં આવેલા હતા. આવી ટેકરીઓની સંખ્યા ઘણી મોટી છે. આ ટેકરીઓ જ પ્રાચીન ચંદ્રાવતી શહેરનું સ્થળ અને તેના વિસ્તારની પ્રતીતી કરાવે છે.[૧૫]

**મધ્યકાલીન યુગ (ઈ.સ. ૧૩૯૦ થી ઈ.સ. ૧૮૧૯) :-**

ગુજરાત રાજયના અન્ય પ્રદેશો પૈકી આ ઐતિહાસિક દસ્તાવેજો અને પુરાવાનો અતિ અલ્પ વારસો ધરાવે છે. આ પ્રદેશ ઉત્તર સરહદે આવ્યો હોવા છતાં મધ્યકાલીન સમયમાં વિસરાઈ ગયો હતો ઉજ્જડ, વેરાન, પ્રતિકૂળ હવામાનને કારણે વેપાર વાણિજયનો વિકાસ આ પ્રદેશમાં થઈ શકયો ન હતો. મધ્યકાલના પ્રારંભે આ પ્રદેશ વિભિન્ન રાજપૂત શાસકોની  સત્તા હેઠળ હતો.

આ પ્રદેશના મુસ્લિમ રાજયકર્તાઓ અંગેની માહિતી શ્રી મિશ્રાએ પોતાના પુસ્તક “મુસ્લિમ સતાનો ગુજરાતમાં ઉદય” માં આપી છે. મોગલ વંશના આક્રમણ બંધ થવાથી રાહત પામેલા અલ્લાઉદીન પોતાના બે ઉચ્ચ લશ્કરી અધિકારીઓ મલિક અહમદ અને પંજુ મનને પાટણના રાજવી કર્ણદેવ વાઘેલાને જીતી લેવા મોકલ્યા. આબુ અમીરગઢ ના રસ્તે સફળ રહેલો તે પછી લગભગ ઈ.સ. ૧૪૩૦ માં ચૌહાણો પાસેથી ઝાલોરના રાજાઓએ આ પ્રદેશ પર અધિકાર સ્થાપિત કર્યો હતો. તૈમુરના દિલ્હી આક્રમણ બાદ

ઝાલોરીઓ થોડા સમય ગાળા દરમિયાન સ્વતંત્ર થયા હતા. આમ છતાં ઈ.સ. ૧૪૧૨ માં અમદાવાદના સુલતાનોએ ઝાલોરને પોતાનું ખંડિત રાજ્ય બનાવ્યું હતું.

૧૪ મી સદીના મધ્યભાગ સુધી પાલનપુર અને તેની ઉત્તરે આજુબાજના જે અમીરગઢનો પ્રદેશ પર ચૌહાણોનું રાજ્ય હતું તેના પછી મુસ્લિમ સત્તા આવતા ચૌહાણની સત્તા નિર્બળ બની તેનો અંતે આવ્યા પછી જે મુસ્લિમ સરદારોએ પાલનપુરની આજુબાજુના પ્રદેશ પર સત્તા જમાવી હતી.

ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહનો પક્ષ લઈને ઉત્તર ગુજરાતના લોકોએ અકબર વિરૂધ્ધ ઉશ્કેર્યો તેથી અકબરના હુકમથી તેને કેદ કર્યો. ૫ વર્ષ બાદ બાદશાહ અકબરે તેને કેદમાંથી મુક્ત કર્યો. ઈ.સ. ૧૫૯૭ માં મુઘલો અને અફઘાનો વચ્ચે થયેલા સંઘર્ષમાં તેને એક અફઘાન ટોળીએ ભગાડી યુદ્ધમાં ગજનીખાને બહાદુરી બતાવી ગજનીખાન બીજાની ચાલ ચલગત સારી જાણતા બાદશાહ અકબરે પોતાની ધાવ બહેન બાનૂ બેગમને તેની સાથે પરણાવી અને દહેજમાં પાલનપુર, ડીસા અને દાંતીવાડા આપ્યા તેમજ ઝાલોરની સનદ નવી કરી આપી. ગજનીખાન-૨ ના અવસાન પછી તેનો પુત્ર પહાડખાન-૧ (ઈ.સ. ૧૬૧૬-૧૬૧૮) ગાદીએ આવ્યો. પહાડખાનનો ભત્રીજો ફીરોજખાન બાલાપુરનો હાકેમ હતો. તે બિરાદરોને આવીને મળ્યો અને સંજોગો જોઈને ઈ.સ. ૧૬૩૫ માં પાલનપુરમાં સ્વતંત્ર રાજય સ્થાપ્યું.[૧૬]

**બ્રિટીશ શાસન સમયનું અમીરગઢ :-**

બ્રિટીશ શાસનમાં અહીના દીવાન શ્રી તાલેમહંમદખાનજીના અગ્રેજો સાથે સારા સંબધો હતા તો સાથે ગાંધીજીના કાર્યક્રમો અને વિચારોમાં શ્રધ્ધાંને કારણે આ વિસ્તારમાં ગાંધીજીની રચનાત્મક પ્રવૃતિઓને વેગ મળ્યો હતો ૧૯૨૪ માં પાલનપુરમાં ખાદી ભંડારની સ્થાપના થઈ હતી. આ સમય દરમિયાનમાં ઈ.સ. ૧૯૩૦ માં રોહો ગામનું નવું નામ તેમની માતા અમીરબાઈ સાહેબના નામ ઉપરથી અમીરગઢ રાખવામાં આવ્યું હતું. તેઓ જન કલ્યાણકારી વિચારો ધરાવતા હોવાથી પાલનપુર રાજ્યનો વિકાસ ઝડપી બન્યો હતો.

૩૦ મી ઓક્ટોબર ૧૯૨૯ ના રોજ રાજ્યના દીવાનશ્રી તાલેમહંમદખાને અમીરગઢ તાલુકાની જેથી ગામની નજીક એક બંધનું નિર્માણ કરાવ્યું. તેનું નામ તેમના મિત્ર બીકાનેરના મહારાજા ગંગાસિંહજીના નામ પરથી ગંગાસાગર અને નહેરને ફતેહ નહેર નામ આપવામાં આવ્યું હતું. જે આ વિસ્તારની સિંચાઈ માટેનું મહત્વનું સાધન બન્યો. દીવાન ધર્મસહિષ્ણુ હતા જેનો ખ્યાલ તેમણે બાલારામના શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો તેના પરથી આવે છે.[૧૭]

**ઉપસંહાર :-**

પ્રદેશની ઉપરોક્ત બાબતોના અભ્યાસ આધારે એટલું તો કહી શકાય કે અમીરગઢ અને તેની આજુ બાજુનો પ્રદેશ એક સમયે રાજકીય, સામાજિક, આર્થિક રીતે ઉન્નત અવસ્થામાં હશે. જુદા જુદા સમયે તે જુદા-જુદા રાજવંશો ના અધિકાર હેઠળ આવતું ગયું. પરંતુ સોલંકી કાલીન સમયે તે ખુબજ મહત્વ ધરાવતું હશે. જૈનોનું ખૂબ પ્રભુત્વ હશે. આબુ અને ઉત્તરના પ્રદેશો પર નજર રાખવા માટે તેનું વ્યુહાત્મક મહત્વ હશે. મુસલમાન શાસકોના સમયમાં ફરી તેને બેઠુ કરવાના પ્રયાસ થયા.

## પાદટીપ

૧. Palanpur Stat Administeatrve Ropet A.D. 1930-32 AD P -13

૨. સાંકળિયા હસમુખલાલ ધીરજલાલ, "પ્રાગ ઐતિહાસિક ગુજરાતની કિર્તિગાથા" અમદાવાદ, ૧૯૬૮, પૃ.૧૪૩

3. Banaskantha District Gazetteer 1981 P. 799

૪. શાસ્ત્રી હરિપ્રસાદ ગં. " ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ અમદાવાદ", ઈ.સ. ૧૯૬૪, પૃ.૫૨

૫. ડૉ. દિપકભાઈ એમ. પટેલ, "પાલનપુર રાજ્યનો ઈતિહાસ ઈ.સ. ૧૬૩૫ થી ૧૯૪૮" દામિની પબ્લિકેશન્સ, ૨૦૧૩, પૃ.૧૯

૬. Imperial Gazetteer Of India, Provincial Series Bombay presidency Vol – 2, Calcutta, A.D 1909, P.429

૭. Gazetter of India, Gujarat State, op-cit, A.D. 1981, P.96.

૮. આચાર્ય કનુ, "બનાસ અસ્મિતાનો ઉન્મેષ", નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ,૨૦૦૮,પૃ. ૫૨

૯. એંજન પૃ. ૫૩

૧૦. ઓઝા ગૌરીશંકર હીરાચંદ, "સિરોહી રાજયનો ઈતિહાસ", જોધપુર, ઈ.સ. ૧૯૩૬, પૃ. ૧૩૫

૧૧. ઓઝા ગૌરીશંકર હીરાચંદ, "સિરોહી રાજયનો ઈતિહાસ", જોધપુર, ઈ.સ. ૧૯૩૬, પૃ. ૧૫૩

૧૨. ભંડારી સુખસંપતિરામ, "ગુજરાત કે દેશી રાજયો", ઈદોર, ઈ.સ. ૧૯૨૭ પૃ. ૧-૧૪.

૧૩. રાવલ યશંવતભાઈ જ., "મધ્યકાલીન પાલનપુર", પાલનપુર, ઈ.સ. ૧૯૯૯ પૃ. ૨૧.

૧૪. કવિ દલપતરામ ડાહ્યાભાઈ, "ગુજરાતના ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓ", મુંબઈ, ઈ.સ. ૧૯૪૦ પૃ. ૨૭૨.

૧૫. આચાર્ય કનુ, "બનાસ અસ્મિતાનો ઉન્મેષ", નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, ૨૦૦૮, પૃ. ૫૫

૧૬. ડૉ. દિપકભાઈ એમ. પટેલ, "પાલનપુર રાજ્યનો ઈતિહાસ ઈ.સ. ૧૬૩૫ થી ૧૯૪૮" દામિની પબ્લિકેશન્સ, ૨૦૧૩, પૃ. ૧૨-૧૩.

૧૭. નવાબ તાલેમહમદખાન, "પાલનપુર રાજયનો ઈતિહાસ", ભાગ-૧, વડોદરા, ઈ.સ. ૧૯૯૬, પૃ.૧૫.